આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-02-07-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# પ્ર.મંત્રીની એનડીએના સંસદીય દળની બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે NDAના સાંસદોને સંસદના નિયમોનું પાલન કરવા, સંસદીય લોકશાહીના સિદ્ધાંતોને જાળવી રાખવા અને સારા વ્યવહાર કરવા વિનંતી કરી હતી, શ્રી મોદીએ આજે સવારે નવી દિલ્હીમાં એનડીએ સંસદીય દળની બેઠકને સંબોધતા આમ જણાવ્યું હતું.

નવી સરકારની રચના બાદ એનડીએની આ પ્રથમ બેઠક હતી. બેઠક બાદ મીડિયાને સંબોધતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ માહિતી આપી હતી કે પ્રધાનમંત્રીએ NDAના તમામ સાંસદોને યોગ્ય વર્તન અંગે માર્ગદર્શન આપ્યું હતું. દરેક સાંસદ દેશની સેવા કરવા માટે ચૂંટાયા છે અને તેઓ ગમે તે પક્ષના હોય, દેશની સેવા તેમની મુખ્ય જવાબદારી છે.

RNU અમદાવાદ

---

# ઓસ્ટ્રેલિયા –સ્ટુડન્ટ વિઝા ફીમાં વધારો

ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ વિઝા ફી 710 ડોલરથી વધારીને 1,600 ડોલર કરી છે.

આ પગલાથી ઓસ્ટ્રેલિયા દેશમાં અભ્યાસ કરવાની યોજના બનાવી રહેલા લાખો ભારતીય વિદ્યાર્થીઓને અસર થશે. આ નિર્ણયથી ઓસ્ટ્રેલિયામાં વસતા વિદ્યાર્થી

પ્રતિનિધિઓમાં રોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે આઅ નિયમ થકી સંભવિત વિદ્યાર્થીઓને અન્ય દેશમાં અભ્યાસ માટે જશે.

વધુમાં આ નિયમ હેઠળ જેઓ ટેમ્પરરી ગ્રેજ્યુએટ, વિઝિટર અને મેરીટાઇમ ક્રૂ વિઝા પર હાલ ઓસ્ટ્રેલિયામાં રહે છે તેઓ સ્ટુડન્ટ વિઝા માટે અરજી કરવાને પાત્ર રહેશે નહીં.

**RNU અમદાવાદ**

---

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ - કેમ્પ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે ડાયાબીટીસ નિદાન અને સારવાર સલાહ કેમ્પનું આયોજન આવતીકાલે 3જી જુલાઈના સવારે સમય ૯થી ૧૨:૩૦ અને સાંજે ૪થી ૫:૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે. કેમ્પમાં ડાયાબિટીસની મફત આયુર્વેદિક /હોમિયોપેથીક ઔષધીય સારવાર, દર્દીઓ માટે જીવન પદ્ધતિ તેમજ આહાર - વિહાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. સિનિયર સિટિઝન દર્દીઓને ખાસ પ્રકારની સ્વાસ્થ્ય તથા શક્તિવર્ધક ઔષધ આપવામાં આવશે. તેવું સરકારી આયુર્વેદ હોસ્પિટલની યાદીમાં જણાવાયું છે.

**મા.ખા.**

---

## જિલ્લામાં રેશનકાર્ડ લગતી ઓનલાઈન સેવા બંધ

જિલ્લા તેમજ તાલુકા કક્ષાએથી રેશનકાર્ડના લાભાર્થીઓને હાલાકીનો સમાનો કરવો પડતો હોવાના પ્રશ્નો સામે આવ્યા હતા. તેમના પ્રશ્નનો નિકાલ લાવવા માટે રેશનકાર્ડને લગતો ડેટાબેઝ અન્ય સર્વર પર માઈગ્રેટ કરવાનો હોવાથી તારીખ ૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળા દરમિયાન રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રહેશે. તેવું ગાંધીનગર અન્ન અને નાગરિક પુરવઠા કચેરી દ્વારા લેવામાં આવ્યો હતો.

**N.P**

---

## જિલ્લામાં ઈ-સેવા કેન્દ્રનો પ્રારંભ

સુપ્રિમ કોર્ટ ઈ-કમિટીના માર્ગદર્શન મુજબ હાઈકોર્ટની સુચના અંતર્ગત આજે જિલ્લા અદાલત ભુજ, અંજાર, ગાંધીધઆમ, ભચાઉ, માંડવી, મુંદરા અને નખત્રાણાની કોર્ટમાં ઈ-સેવા કેન્દ્રનો આરંભ થયો હતો. જેમાં લોકોને કાગળ વિના ઈ-સેવા કેન્દ્ર દ્વારા પક્ષકારો પોતાના કેસ કઈ કોર્ટમાં કયા સ્તરે છે. સુનાવણીની તારીખ વગેરે જાણી શકાશે.

**N.P**

---

## રાપરમાં એક પેડ મા કે નામ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મન કી બાત કાર્યક્રમમાં જાહેર કરાયેલ કાર્યક્રમને લોકોત્સવ બનાવવા માટે રાપરમાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં વૃક્ષારોપોણ તેમજ સફાઈ અભિયાન, પ્લાસ્ટિક મુક્ત અભિયાન હાથ ધરાયું હતું.

રાપરના નગાસર તળાવ કિનારે મા કે નામ આખુ સ્મૃતિવન ઉભું કરવામાં આવશે. આ સુવિધા માટે રૂપિયા પાંચ લાખની ધારસભ્યની ગ્રાન્ટમાંથી ડેવલપમેન્ટ કરવામાં આવશે.

**N.P**

---

## હવામાન વિભાગ - વરસાદ

રાજ્ય પર સર્જાયેલ ત્રણ સર્ક્યુલેશનની અસર હેઠળ આવતીકાલ સુધી ભારે વરસાદની ચેતવણી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સોમવારે જિલ્લાના રેડએલર્ટ વચ્ચે કાંઠાળપટ્ટમાં વરસાદનું જોર હતું. તો આવતીકાલે બુધવારે યલો એલર્ટ જારી કર્યું છે. તેમજ હવામાન વિભાગ દ્વારા આવતા સોમવાર હળવો તેમજ મધ્યમ વરસાદની આશંકા વ્યક્ત કરી છે.

**N.P**

---

## ખડીર વિસ્તાર નવા કાયદાની સમજણ

જિલ્લાના સરહદી પોલીસ સ્ટેશન ખાતે પેલી જુલાઈ 2024થી અમલમાં આવેલ ત્રણ નવા કાયદા અંતર્ગત સમજણ અને માહિતી આપવા માટે ખડીર વિસ્તારના નાગરિકો માટે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

**N.P**

---

RNU BHUJ